**આજની પ્રાર્થના....**

હે જગત્રાતા વિશ્વવિધાતા,
હે સુખશાંતિ નિકેતન હે!
પ્રેમ કે સિંધો,
દીન કે બંધો,
દુઃખદરિદ્ર નિવારણ હે!

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮૧ | ૧ જુન, ૨૦૨૧, મંગળવાર; વૈશાખ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કેન્દ્ર-બંગાળ સરકાર વચ્ચે વિવાદ ઘેરો બન્યો

**કેન્દ્ર સરકાર અને મમતા બેનર્જી વચ્ચેના વિવાદમાં નવો ફણગો ફૂટ્યો : બંગાળના મુખ્ય સચિવ દિલ્હી હાજર ન થયા, દીદીએ સલાહકાર બનાવ્યા : અલપન બંદોપાધ્યાય ૩૧ મેએ નિવૃત્ત થયા પણ તેમને ૩ માસનું એક્સટેન્શન અપાયું અને દિલ્હી હાજર થવા કહેવાયું, જેનો અમલ ન કરતા પગલાંની વકી**



કોલકત્તા, તા. ૩૧

કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી મમતા બેનર્જી વચ્ચે ચાલી રહેલી રસાકસી બાદ પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ અલપન બંદોપાધ્યાયે સોમવારે નિવૃતિ લઈ લીધી છે. ૩૧ મેએ તેમનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો હતો, જે ત્રણ મહિના માટે વધારવામાં આવ્યો હતો. તેમને કેન્દ્રએ પરત બોલાવ્યા હતા પરંતુ તેઓ ગયા નહીં. હવે મમતા બેનર્જીએ તેમની પોતાના વિશેષ સલાહકાર તરીકે નિમણૂક કરી છે.

ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળ કેડરના ૧૯૮૭ બેચના આઈએએસ અધિકારી બંદોપાધ્યાય ૬૦ વર્ષની ઉંમર પૂરી કર્યા બાદ ૩૧ મેએ નિવૃત થવાના હતા. પરંતુ કેન્દ્ર પાસેથી મળેલી મંજૂરી બાદ તેમને ત્રણ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યું હતું. એક્સટેન્શન આપ્યાના ચાર દિવસ બાદ કેન્દ્ર સરકારે તેમની સેવાઓ માંગી. મમતા સરકારને કહેવામાં આવ્યું કે, તે પોતાના મુખ્ય સચિવને તત્કાલ કાર્યમુક્ત કરે. તૃણમૂલ કોંગ્રેસ સરકારે આ પગલાને બળજબરીપૂર્વક પ્રતિનિયુક્તિ ગણાવી હતી.

અલપન બંદોપાધ્યાયને ૩૧ મેની સવારે ૧૦ કલાક પહેલા કેન્દ્ર સરકારને રિપોર્ટ કરવાનું કહેવામાં આવ્યું હતું. પરંતુ બંદોપાધ્યાયની જગ્યાએ મુખ્યમંત્રીનો પત્ર કેન્દ્રને મળ્યો. મમતાએ કહ્યું કે, આવા મુશ્કેલ સમયમાં બંગાળ સરકાર પોતાના મુખ્ય સચિવને કાર્યમુક્ત ન કરી શકે. વિવિધ મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે, મમતાના આ વલણ બાદ કર્મચારી અને તાલીમ વિભાગ (ડીઓપીટી) બંદોપાધ્યાય વિરુદ્ધ કાર્યવાહી કરી શકે છે. અગાઉ ફરી એક વખત પશ્ચિમ બંગાળ અને કેન્દ્ર સરકાર વચ્ચે તલવારો ખેંચાઈ છે.

યાસ વાવાઝોડા મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બેઠકમાં સામેલ ન થવા મુદ્દે મુખ્ય સચિવ અલપન બંદોપાધ્યાયને દિલ્હી બોલાવવામાં આવ્યા હતા. તેમને સોમવારે સવારે ૧૦:૦૦ કલાકે નોર્થ બ્લોકમાં રિપોર્ટ કરવાનું હતું પરંતુ તેઓ નહોતા આવ્યા. આ કારણે કેન્દ્ર સરકાર હવે તેમના વિરૂદ્ધ શિસ્તભંગની કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે. આ સંજોગોમાં સવાલ થઈ રહ્યો છે કે શું કોઈ પણ રાજ્યમાં તૈનાત આઈએએસ અધિકારીઓ વિરૂદ્ધ કેન્દ્ર કોઈ કાર્યવાહી કરી શકે?

## ૧થી ૬ જૂન સુધીમાં ઈન્કમ ટેક્સના રિટર્ન નહીં ભરાય

**કરદાતા માટે નવી વેબસાઈટ incometaxgov.in આગામી સાતમી જૂન, ૨૦૨૧થી સક્રિય થઈ જશે**

નવી દિલ્હી, તા. ૩૧

આવકવેરા વિભાગની વેબસાઈટ ૧થી ૬ જૂન સુધી બંધ રહેશે જેથી આવકવેરો ભરવા માંગતા લોકો પોતાનું રિટર્ન દાખલ નહીં કરી શકે. આવકવેરા વિભાગ ૭ જૂનના રોજ રિટર્ન ફાઈલ કરવા માટે નવી વેબસાઈટ લોન્ચ કરશે. આવકવેરા વિભાગે રવિવારે જણાવ્યું કે, કેટલાક ટેક્નિકલ ફેરફાર સાથે રિટર્ન ફાઈલ કરવા માટેની નવી વેબસાઈટ લોન્ચ કરવામાં આવી રહી છે. આ કારણે વર્તમાન વેબસાઈટ income tax indiaefiling.gov.in ને ૧ જૂનથી ૬ દિવસ માટે બંધ કરવામાં આવશે.

કરદાતાઓ માટે નવી વેબસાઈટ incometaxgov.in આગામી ૭ જૂન, ૨૦૨૧થી સક્રિય થઈ જશે. આવકવેરા વિભાગે ટ્વીટમાં લખ્યું હતું કે, નવી વેબસાઈટ કરદાતાઓ માટે વધુ સુવિધાજનક રહેશે. તેમાં અનેક નવા ફીચર્સ જોડવામાં આવ્યા છે. જૂનુ પોર્ટલ આવકવેરા વિભાગના અધિકારીઓ માટે પણ બંધ રહેશે અને નવું પોર્ટલ ચાલુ થયાના ૩ દિવસ બાદ એટલે કે ૧૦ જૂનથી તેઓ આવકવેરા કેસની સુનાવણી કરી શકશે.

## પંજાબમાં અમરિંદરની સામે બગાવત

**પંજાબમાં રાજકીય અરાજકતા : ૨૪ સભ્યોના દિલ્હીમાં ધામા : કોંગ્રેસ હાઈકમાન્ડે પાર્ટીના ધારાસભ્યો-મંત્રીઓને દિલ્હી બોલાવ્યા, જેઓ ૩ સભ્ય ધરાવતી પેનલની મુલાકાત લેશે**

નવી દિલ્હી, તા. ૩૧

કોરોના સંકટનો સામનો કરી રહેલા પંજાબમાં હાલ એક રાજકીય સંકટ સર્જાયું છે. આગામી વર્ષે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે પરંતુ તેના પહેલા જ પંજાબ કોંગ્રેસમાં બે ભાગલા પડી ગયા છે. આ સંજોગોમાં સ્થિતિ સંભાળી લેવા માટે કેન્દ્રીય હાઈકમાન્ડે દખલ કરી છે.



કોંગ્રેસ હાઈકમાન્ડે પાર્ટીના તમામ ધારાસભ્યો અને મંત્રીઓને દિલ્હી બોલાવ્યા છે. તમામ ધારાસભ્યો અને મંત્રીઓ દિલ્હીમાં એક ૩ સભ્યો ધરાવતી પેનલની મુલાકાત લેશે અને પોતાના પ્રશ્નો રજૂ કરશે.

કોંગ્રેસના આશરે ૨ ડઝન જેટલા ધારાસભ્યો જેમાં પ્રદેશ અધ્યક્ષ સુનીલ ઝાખડ, મંત્રી ચરણજીત ચન્ની, સુખજિંદર સિંહ રંધાવાનો પણ સમાવેશ થાય છે તેઓ દિલ્હી પહોંચી ગયા છે. ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા વચનો પૂરા ન કરવાના આરોપો બાદ કોંગ્રેસી ધારાસભ્યોએ પોતાની સરકાર સામે સવાલ ઉઠાવવા શરૂ કરી દીધા છે. આ તમામ ધારાસભ્યો સતત કેપ્ટન અમરિંદર સિંહને લઈ સવાલ કરી રહ્યા છે.

કેન્દ્રીય હાઈકમાન્ડે ૩ સદસ્યોની જે પેનલ બનાવી છે તેની આગેવાની હરીશ રાવત કરી રહ્યા છે. તે સિવાય મલ્લિકાર્જુન ખડગે અને જેપી અગ્રવાલ પણ તેમાં સામેલ છે. તેઓ સોમવારથી પંજાબ કોંગ્રેસના ધારાસભ્યો, મંત્રીઓને મળવાનું શરૂ કરશે.

ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણી બાદથી જ પંજાબ કોંગ્રેસમાં અણબનાવની ખબરો સંભળાઈ રહી છે. નવજોત સિંહ સિદ્ધુ સતત કેપ્ટન અમરિંદર સિંહ વિરૂદ્ધ મોરચો માંડી રહ્યા છે. સંગઠનના અનેક નેતાઓએ પણ કેપ્ટનની સરકાર સામે સવાલ કર્યા છે. આ સંજોગોમાં આગામી વર્ષે જ્યારે રાજ્યમાં ચૂંટણી થવાની છે તો તેના પહેલા જ કોંગ્રેસ હાઈકમાન્ડ ડેમેજ કંટ્રોલ કરવામાં લાગ્યું છે.

## ૨૦૨૧ના અંત સુધીમાં તમામ વયસ્કને વેક્સિન લાગી જશે


**સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારે માહિતી આપી**

નવી દિલ્હી, તા. ૩૧

કેન્દ્ર સરકારે સોમવારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે, આ વર્ષના અંત સુધી દેશમાં તમામ વયસ્ક લોકોને કોરોના વેક્સિન લાગી જશે. સરકારે કહ્યું કે, તેને વિશ્વાસ છે કે ૨૦૨૧ના અંત સુધી તમામ લોકોને રસી લગાવવાનું અભિયાન પૂરું કરી દેવાશે. કોર્ટે રસીકરણને લઈને સુનાવણી કરતાં કોવિન પોર્ટલ પર અનિવાર્ય રજિસ્ટ્રેશનને લઈને પણ સવાલ ઉઠાવ્યા. કોર્ટે કહ્યું કે, કોરોના વેક્સિન લગાવવા માટે કોવિન પર રજિસ્ટ્રેશન કરાવવામાં ગ્રામિણ વિસ્તારોમાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આવામાં સંકટ સમયે કેન્દ્ર સરકારે સમગ્ર દેશ માટે વેક્સિન ખરીદવી જોઈએ. વેક્સિનની ખરીદીને લઈને રાજ્ય સરકારો હેરાન છે. આવામાં કેન્દ્ર સરકારે તમામ રાજ્યો માટે રસી ખરીદવી જોઈએ, જેથી સમગ્ર મામલે સ્પષ્ટતા રહે. સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે દેશના તમામ લોકોને વેક્સિન આપવાના પ્લાનને લઈને જણાવ્યું. સાથે જ કહ્યું કે, વહેલી તકે દેશની ડિમાન્ડ અનુસાર વેક્સિનનું ઉત્પાદન શરૂ થઈ જશે. સરકારની વેક્સિનેશન પોલિસીમાં જુદી-જુદી કિંમતો, વેક્સિન શોર્ટેઝ અને ધીમે-ધીમે રોલઆઉટને લઈને ટીકાઓ થઈ રહી છે.


## શ્રધ્ધાંજલી



**સ્વ. સાંકળચંદ રામદાસ પટેલ ( એસ. આર. પટેલ )**

શિવાલય ગ્રુપ, ગાંધીનગર

આપની હયાતી અમારી પ્રેરણા હતી.
આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા.
આપના ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા
અમને સદૈવ આત્મબળ અને પ્રેરણા આપતા રહેશે.

પ્રભુ આપના પુણ્યશાળી આત્માને દિવ્ય શાંતિ અર્પે
એજ પ્રાર્થના...

tps The Property Shop™

## ભાવનાત્મક શ્રદ્ધાંજલી



**સ્વ. સાંકળચંદ રામદાસ પટેલ ( એસ. આર. પટેલ )**

(શિવાલય ગ્રુપ, ગાંધીનગર)

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા

પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના

- ૐ શાંતિ -

**નિસર્ગ હસમુખભાઈ પટેલ**

हरि GROUP Since 1992
a nisarg patel initiative